## મે. લીંબડીના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લીંબડી .

**ફો.કેસ નં.૪૩૧/૨૦૨૨**

**આંકઃ ૧ નું સાંધણ**

૧). આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. ક્રિ.કો.કો.ક. ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે.

૨). આરોપીઓ સામેના ગુન્હાનો ભાવાર્થ વાંચી બતાવતાં, તેમણે ગુન્હાની કબૂલાત કરેલ છે અને આરોપીઓએ ગુન્હાની કબુલાતની પુરશીશ રજુ કરેલ છે. જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને ગરીબ વર્ગના માણસો છે અને કુંટુંબના ભરણ પોષણની જવાબદારી તેમના શીરે છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપે છે. તો આરોપીઓની સદર હકિકત નહીં માનવાને કોઈ કારણ નથી આરોપીઓનો આ પ્રથમ ગુન્હો હોઈ અને ગરીબ મજૂરીયાત માણસ છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો વ્યકત કરતો હોય હું આરોપીઓની કબુલાત સ્વીકારૂં છું.

૩). આરોપીઓની સદર હકિકત અને કેસના સંજોગોને લક્ષમાં લેતાં કાયદામાં નકકી કરવામાં આવેલ સજા કરતાં પણ ઓછી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ બર આવશે તેમ હું માનું છું. અને તેથી કરીને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:: **હુ ક મ** ::

૧). ક્રિ.પ્રો.કો.ક. ૨૫૨ અન્વયે આ કામના આરોપીઓને ધી જુગાર ધારાની કલમ–૧૨ ના ગુન્હા માટે દોષિત ઠરાવવામાં આવે છે.

૨). આરોપીઓને ધી જુગાર ધારાની કલમ–૧૨ના ગુન્હા સબબ દરેક આરોપી દિઠ રૂા.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન : ૭ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

૩). મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે જમા કરવાનો તથાં અન્ય નોન વેલ્યુએબલ મુદદામાલનો આથી નાશ કરવો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ.લીંબડી .
તા. ૨૨/ ૦૩ /૨૦૨૪

(એમ.બી.બાજપાઈ)
જીજે૦૦૭૨૦
જ્યુડી.મેજી.ફ.ક લીંબડી .